# મહેસાણા જિલ્લા પોલીસ અધિક્ષક અને નિવાસી અધિક કલેકટરે વેકસીન લઈ અનુકરણીય પહેલ કરી

મહેસાણા, તા. ૩૧

કોવિડ વેકસીનેશનના બીજા તબક્કાનો જિલ્લાવ્યાપી પ્રારંભ થયો હતો. મહેસાણા જિલ્લામાં આગામી દિવસોમાં ૧૩ હજારથી વધુ ફ્રન્ટલાઈન વર્કરને વેક્સીનેશન થનાર છે. મહેસાણા જિલ્લામાં મહેસાણા સિવિલ હોસ્પિટલ ખાતે નર્સીંગ સ્કુલમાં ચાલી રહેલ વેક્સીનેશન કાર્યક્રમમાં જિલ્લા પોલીસ અધિક્ષક ડો પાર્થરાજસિંહ ગોહિલ અને નિવાસી અધિક કલેકટર પ્રદિપસિંહ રાઠોડે વેક્સીન લઈ અનુંકરણી પહેલ કરી હતી, આ ઉપરાંત જિલ્લા કલેકટર એચ.કે.પટેલ ઉપસ્થિત રહી ફ્રન્ટલાઈન વર્કર્સને પ્રોત્સાહિત કર્યા હતા





અત્રે ઉલ્લેખનીય છેકે મહેસાણા જિલ્લામાં વેક્સીનેશના બીજા તબક્કામાં રવિવારે પાંચ સ્થળોએ વેક્સીનેશન કરવામાં આવ્યું હતું જેમાં અંદાજીત ૫૦૦ જેટલા ફ્રન્ટલાઈન વર્કરને રક્ષિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત આગામી દિવસોમાં સામુહિક આરોગ્ય કેન્દ્રો સહિત અન્ય કેન્દ્રો પર ૧૩ હજાર જેટલા ફ્રન્ટલાઈન વર્કર્સને વેક્સીન આપી રક્ષિત કરવામાં આવશે.

જિલ્લા કલેકટર એચ.કે.પટેલે જણાવ્યું હતું કે જિલ્લાના વિવિધ સ્થળોએ આરોગ્યની નિષ્ણાત ટીમો દ્વારા સફળતાપુર્ણ વેકસીનેશનની કામગીરી કરવામાં આવી રહી છે. કોરોના વેક્સીન માટે તંત્ર સંપુર્ણ સજ્જ છે. જિલ્લામાં વિવિધ તબક્કામાં જનસમાન્ય સુધી કોરોના વેક્સીન પહોંચે તે માટે સુચારૂ વ્યવસ્થાપન કરવામાં આવ્યું છે તેમ જણાવ્યું હતું.

# ગાંભોઈમાં મામલતદારની વિભાગીય કચેરી શરૂ કરવા પ્રજાની માંગણી...

ગાંભોઈ તા.૩૧

હિંમતનગર- શામળાજી રાષ્ટ્રીય ધોરી માર્ગ પર આવેલ ગાંભોઈ ગામ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોને સાંકળતું વેપારી મથક છે ત્યારે ગ્રામ્ય કક્ષાના મહેસુલી વહીવટી કામો નજીકના સ્થળે થી થાય તે હેતુથી તાલુકા મામલતદાર કચેરીની એક વિભાગીય શાખા ગાંભોઈ ખાતે શરૂ કરવામાં આવે તેમ આ વિસ્તારની પ્રજા ઈચ્છી રહી છે.

**સામાન્ય કામ માટે અરજદારોને હિંમતનગરના ધક્કા ખાવા પડે છે**

ગાંભોઈમાં રૂરલ પોલીસ સ્ટેશન, સામુહિક આરોગ્ય કેન્દ્ર યુ.જી.વી.સી.એલ. કચેરી, પોસ્ટ ઓફીસ, બી.એસ.એન.એલ. કચેરી, બેંકો, સ્કૂલ-કોલેજ સહિત વિવિધ સરકારી સુવિધાઓ ઉપલબ્ધ છે ત્યારે આ અંગે ગાંભોઈના નરેન્દ્ર પટેલના જણાવ્યા અનુસાર તાલુકા મથક હિંમતનગર ખાતે મામલતદાર કચેરી હોવાના કારણે ગ્રામ્ય વિસ્તારની પ્રજાને મહેસુલી કામો માટે જનતાને દૂરના સ્થળેથી ભાડું ખર્ચીને તાલુકાની કચેરીએ જવું પડે છે. વળી કચેરી સંલગ્ન કર્મચારીઓ એક સામાન્ય કામ માટે પ્રજાને અનેકવાર ધરમધક્કા ખવડાવતા હોય છે. પરિણામે પ્રજાને આર્થિક રીતે ભારે સહન કરવું પડે છે. હિંમતનગર તાલુકાના પૂર્વ ભાગમાં ગાંભોઈ કેન્દ્રસ્થાને હોઈ તેમજ આજુબાજુ સો ઉપરાંતના ગામોનું ગાંભોઈ વેપારી મથક હોઈ ગાંભોઈ ખાતે મામલતદારની એક વિભાગીય કચેરી ચાલુ કરવામાં આવે તો અડધા તાલુકાની પ્રજાને વહીવટી કામો પોતાના વતનના નજીકથી મળી રહે તેમ છે.

ગાંભોઈ ખાતે મામલતદાર કચેરીની વિભાગીય શાખા ચાલુ કરવામાં આવે તો પોલીસ જામીન કેસો, રેશનકાર્ડ, જ્ઞાતિ અંગેના દાખલા તેમજ જમીન અને મિલ્કતને લગતા મહેસુલી કામો ગાંભોઈ ખાતેની શાખાએથી જ સંપન્ન થઈ શકે તેવી સુવિધા અસંખ્ય ગામોની પ્રજાને મળે તેમ છે.

### પાણી નહીં તો વોટ નહીં

# મેઘરજ ઈપલોડા સિંચાઈના પાણી અને વાત્રક નદી પર પુલ બનાવવાની માંગ

### સાથે ૧૦ ગામના ખેડૂતોની ચૂંટણી બહિષ્કારની ચીમકી

મોડાસા, તા. ૩૧

આઝાદીના ૭ દાયકા પછી પણ અરવલ્લી જીલ્લામાં વિકાસની ગતિ અટવાઈ પડી છે અંતરિયાળ વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાના નામે ફક્ત વાયદાઓ થતા રહ્યા છે વહીવટી તંત્ર કે રાજકીય અગ્રણીઓ ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે દુર્લક્ષ સેવતા પરિસ્થિતિ જ્યાંને ત્યાં જોવા મળી રહી છે મેઘરજ તાલુકાના ઈપલોડા ગામ સહીત આજુબાજુના ૧૦ જેટલા ગામોની વર્ષો જૂની સિંચાઈની માંગણી અને ઈપલોડા-પીસાલ વચ્ચે પસાર થતી વાત્રક નદી પર પુલ બનાવવાની માંગ સાથે ખેડૂતો અને લોકોએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બહિષ્કાર ની ચીમકી ઉચ્ચારી યોગ્ય ન્યાય નહીં મળે તો આગામી



સમયમાં તાલુકા-જીલ્લા મથકે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી અત્રે ઉલ્લેખનીય છે કે ચૂંટણી બહિષ્કારની ચીમકી પછી કહેવાતા રાજકીય અગ્રણીઓ અને અધિકારીઓ દોડતા થતા હોવાની સાથે બાહેંધરી આપતા હોય છે ચૂંટણી પછી સમસ્યા હતી ત્યાં ને ત્યાં રહેતા લોકોમાં ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો છે

મેઘરજ તાલુકાના ઈપલોડા ગામ સહીત આજુબાજુના ૧૦ થી વધુ ગામો વર્ષોથી સિંચાઈના પાણીની સુવિધા માટે તરસી રહ્યા છે ખેડૂતોના જણાવ્યા અનુસાર આ અંગે રાજ્ય સરકારમાં વારંવાર રજુઆત કરવા છતાં સમસ્યાનું નિરાકરણ આવતું નથી નજીકમાં પાદેડી ગામની સુજલામ સુફલામ યોજનામાંથી પાઈપલાઈન દ્વારા પાણી આપી શકાય તેમ હોવા છતાં ઈપલોડા પંથકને સિંચાઈથી વંચીત રાખતા ખેતીને ભારે નુકશાન થઈ રહ્યું છે જયારે મહેન્દ્રસિંહ ચૌહાણ સાંસદ હતા ત્યારે તેમને સાથે રાખી મંત્રી નીતિન પટેલને મળી રજુઆત કરવા છતાં ન્યાય નહિ મળતા સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી હતી

પાણી નહીં તો વોટ નહીં અને પુલ નહીં તો વોટ નહીંના બૅનર સાથે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો મેઘરજ તાલુકા નું પિશાલ ગામ તાલુકા ની ઈપલોડા ગ્રામપંચાયત માં આવેછે આ વિસ્તાર ના લોકો ખેતી અને પશુપાલન ના વ્યવસાય પર નિર્ભર છે તેઓ ને ગ્રામપંચાયત નું કઈ પણ કામકાજ હોય સસ્તા અનાજ ની દુકાને થી વ્યાજબી ભાવનું અનાજ કેરોસીન લેવું હોય તો ઈપલોડા ગામે જવું પડે અને પિશાલ થી ઈપલોડા ગામ વચ્ચે ૧ કિલોમીટર ના અંતરે વાત્રક નદી આવેછે જે ચોમાસા માં પુલ ના હોવાને કારણે જઈ શકાતું નથી આ વિસ્તાર ની ગરીબ જનતા ને જવું હોય તો ૧૫ કિલોમીટર ફરી ને જવું પડેછે જે ચીજવસ્તુ ની કિંમત કરતા ભાડું વધી જાય તેમ છે વિદ્યાર્થીઓ શાળાએ પણ જઈ શકતા નથી ચોમાસા માં અભ્યાસ થી વંચિત રહેવું પડેછે જેથી સત્વરે પિશાલ અને ઈપલોડા ગામ ને જોડતા રસ્તે આવતી વાત્રક નદી પર પુલ બનાવવામાં આવે ની માગ પણ ટલ્લે ચઢાવતા આખરે ખેડૂતો અને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી હતી.

# પ્રાંતિજ ખાતે પોલિયોના બે ટીપાં પીવડાવવામાં આવ્યા

### ૦ થી પાંચ વર્ષના બાળકોને પોલિયોના બે ટીપાં પીવડાવવામાં આવ્યા : પ્રાંતિજ તાલુકાના ૨૧,૧૫૩ બાળકોને પોલિયોના બે ટીપાં પીવડાવવામાં આવશે





પ્રાંતિજ તા.૩૧

સરકારના પલ્સ પોલિયો નાબુદ ઝુંબેશ અન્વયે જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકા માં પણ પોલિયો રસીકરણ અંતર્ગત તાલુકાનું એક પણ ગામ પોલિયો રસીથી વંચિતના રહી જાય તે માટે પ્રાંતિજ હેલ્થ ઓફિસર સોલંકી દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ સહિત તાલુકામાં આજે પોલીયોના બે ટીપાં પીવડાવવામાં આવ્યા હતાં જેમાં પ્રાંતિજ તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું અને પ્રાંતિજ સહિત તાલુકામાં કુલ-૯૦ પોલીયો બુથ ઉભા કરવામાં આવ્યા હતાં જેમાં તાલુકા ના ૨૧,૧૫૩ જેટલા બાળકોને પોલિયોના ટીપા પીવડાવવામાં આવશે તો પ્રાંતિજ ખાતે પણ ૧૨ પોલિયો બુથ ઉભા કરવામાં આવ્યા છે જેમા ૦ થી પાંચ વર્ષના બાળકો ને બે ટીપાં જીંદગીના પોલિયો રસીના પીવડાવવામાં આવ્યા હતાં તો પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ બુથ ઉપર ડાૅ હર્ષ પટેલ, ડાૅ. ઈના પટેલ, આર. જે. ઝાલા, વિપુલભાઈ પટેલ, આશાબેહનો આંગણવાડી બહેનો ઉપસ્થિત રહી ને ભૂલકાંઓને પોલિયો ના બે ટીપાં પીવડાવવામાં આવ્યા હતાં.

# બાયડનું ગૌરવ : બાલાસિનોર પ્રાંત અધિકારીને શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ

બાયડ તા.૩૧



બાયડના વતની અને મહિસાગર જિલ્લાના બાલાસિનોર પ્રાંત અધિકારી વિમલભાઈ જે. પટેલ દ્વારા ચૂંટણીલક્ષી કામગીરીમાં શ્રેષ્ઠ મતદાર નોંધણીમાં રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ રાજ્ય સરકાર દ્વારા એવોર્ડ આપી સન્માન કરાતાં બાયડ તેમજ આંજણા પાટીદાર સમાજમાં આનંદની લાગણી ફરી વળી છે.

### પ્રા. શિક્ષકોને ધ્રાસ્કો પડ્યો

# ઉત્તર ગુજરાતમાં જિલ્લાની આંતરીક બદલીઓની તારીખમાં ફેરફાર

### તા.૬ થી ૨૧ ફેબ્રુઆરી દરમ્યાન કામગીરી થશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

જિલ્લાની આંતરીક બદલીઓ માટે ઉત્તર ગુજરાતના સેંકડો પ્રા.શિક્ષકો ચાતક નજરે રાહ જોઈને બેઠા હતા. તા.૩૧ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી સુધી શિક્ષક-વિદ્યા સહાયકો દ્વારા આંતરીક બદલીઓ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી કરવાની હતી પરંતુ તૈયાર કરવામાં આવેલા પોર્ટલ પર ટેસ્ટીંગની કામગીરી ચાલતી હોવાથી તારીખમાં ફેરફાર થયો છે. હવે તા.૬ થી ૨૧ ફેબ્રુઆરી દરમ્યાન સમગ્ર કામગીરી પૂરી કરવામાં આવશે તેમ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. શિક્ષકો જે બદલી કેમ્પની રાહ જોતા હતા તે એકાએક મુલત્વી રહેતાં પ્રા.શિક્ષકોને ધ્રાસ્કો પડ્યો છે પરંતુ નવો કાર્યક્રમ તત્કાલ જાહેર થતાં હાશ થઈ હતી.

પ્રા.શિક્ષકોની બદલી અને અન્ય પ્રક્રીયા હોય ત્યારે તે પૂરી થાય તો ખરૂં તેવી સ્થિતિ ભૂતકાળમાં અનેકવાર જોવા મળી છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાની સરકારી પ્રા.શાળાના શિક્ષકો જિલ્લાની આંતરીક બદલીઓ માટે રાહ જોતા હતા જેથી રાજ્યના પ્રા.શિક્ષણ નિયામક ડાૅ.એમ.આઈ.જોષી દ્વારા અગાઉથી ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી કરવાનો કાર્યક્રમ જાહેર થયો હતો પરંતુ પોર્ટલ પર ટેસ્ટીંગ ચાલતું હોવાથી તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે જે મુજબ તા.૬ થી ૮ ફેબ્રુઆરી દરમ્યાન શિક્ષક-વિદ્યા સહાયકો દ્વારા આંતરીક બદલીઓ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી, ૯ થી ૧૨ ફેબ્રુઆરી દરમ્યાન તાલુકા દ્વારા અરજી ફોર્મ વેરીફીકેશન કરી જિલ્લા કક્ષાએ મંજૂર અરજી વેલીડેશન માટે રજૂ કરવાની રહેશે. તા.૧૩ થી ૧૬ ફેબ્રુઆરી દરમ્યાન જિલ્લા કક્ષાએ અરજીઓની ચકાસણી કરી એપ્રુવલ કે નામંજૂર કરી અને એપ્રુવલ અરજીઓ અપલોડ કરવાની રહેશે. તા.૧૭ થી ૧૯ ફેબ્રુઆરી દરમ્યાન ડેટા વેરીફીકેશન અને પ્રોસેસીંગ સમયગાળો નક્કી કરવામાં આવ્યો છે. તા.૨૦ થી ૨૧ ફેબ્રુઆરી દરમ્યાન ઓનલાઈન શિક્ષક-વિદ્યા સહાયકોએ આંતરીક બદલીઓના હૂકમ મેળવી લેવાના રહેશે અને બદલી થયેલા શિક્ષકોને આચારસંહિતા પૂર્ણ થયા પછી છૂટા કરવામાં આવશે તેવી તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

# જિલ્લામાં ફાયર સેફ્ટીના નામે તપાસ કર્યા પછી તંત્ર ઘૂંટણીયે : યોગ્ય વ્યવસ્થાનો દેખાતો અભાવ

### મોટાભાગની હોસ્પિટલો પાસે ફાયર સેફ્ટીની સુવિધા નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

રાજ્યમાં કોરોનાના દર્દીઓની સારવાર કરતી ખાનગી હોસ્પિટલમાં આગની દુર્ઘટના પછી તંત્રએ તમામ જિલ્લાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા ચકાસવા આદેશ આપ્યા હતા. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૯૮ ટકા હોસ્પિટલો પાસે ફાયર સેફ્ટીની સુવિધા નથી. અન્ય એકમો પાસે પણ સુવિધા ન હોવાની વિગતો બહાર આવ્યા પછી તંત્રએ મોટા ઉપાડે નોટિસો ફટકારી સંતોષ માન્યો પરંતુ હવે બધું ભુલાઈ ગયું છે. ફરીથી દુર્ઘટના સર્જાશે ત્યારે તંત્રને ફાયરના સાધનો યાદ આવશે.

**બી.યુ. પરમીશન આપવામાં પાલિકાના અખાડા**

જિલ્લાની ૮ નગરપાલિકા વિસ્તારોમાં બી.યુ. પરમીશન આપવા માટે જાત જાતના અખાડા થતા હોય છે. કેટલાક કિસ્સાઓમાં તો પાલિકામાં ભ્રષ્ટ શાસનના કારણે ખુલ્લેઆમ ઉઘરાણાં કરતા હોવાના લોક આક્ષેપ સામાન્ય બન્યા છે. બી.યુ. પરમીશન માટે પણ મોટી રકમ માંગવામાં આવતી હોય છે જેના કારણે માંગ ન સંતોષાતાં પાલિકા દ્વારા મિલ્કત ધારકોને યેનકેન પ્રકારે બી.યુ. પરમીશન આપવામાં અખાડા કરવામાં આવે છે.

ફાયર સેફ્ટીની સુવિધા વગર અનેક એકમો અને હોસ્પિટલો ધમધમી રહી છે. પરંતુ જ્યારે જ્યારે આગ સહિતની દુર્ઘટનાઓ બને ત્યારે માત્ર તપાસના તમાશા ઉભા કરી લોક આક્રોશ શાંત કરી દેવામાં આવે છે. જ્યારે તંત્ર જ ખુદ ભ્રષ્ટાચારી બની ગયું હોવાથી તપાસના નામે અંદરખાને વહેવાર પ્રથાને સ્વીકારી લે છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તંત્ર પાસે ફાયર સેફ્ટીની એન.ઓ.સી. આપવાના કોઈ પાવર નથી જેના કારણે ફાયર સેફ્ટી માટે એન.ઓ.સી. મેળવવી હોય તો સ્થાનિક પાલિકા મારફતે પાટનગરમાં દરખાસ્ત મોકલવાની હોય છે પાછલા ૧૦ વર્ષમાં જ ૨૦૦ થી વધુ ફાઈલો ધૂળ ખાઈ રહી છે. સ્થાનિક તંત્રનો સંપર્ક કરતાં જણાવ્યું કે અમને તો કોઈ એકમ દ્વારા ફાયર એન.ઓ.સી. માટે દરખાસ્ત આપવામાં આવે એટલે અવલોકન સાથે પાટનગર મોકલી આપીએ છીએ પરંતુ મોટાભાગની ફાઈલોના આજદિન સુધી કોઈ જવાબ મળ્યા નથી. આશ્ચર્ય વચ્ચે જિલ્લાના ૮ નગરપાલિકા વિસ્તારોમાં માત્ર બે પાલિકા વિસ્તારમાં જ ફાયર ઓફીસરની નિયુક્તિ થયેલી છે.

# મોડાસા સર્વોદય સહકારી બેંકન ચેરમેન-એમ.ડી. બિન હરીફ ચૂંટાઈ આવ્યા

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતેની ધી સર્વોદય શરાફી સહકારી મંડળી લિ. ના ચેરમેન અને એમ.ડી.ની આજરોજ ચૂંટણી યોજાઈ હતી.જેમાં ચેરમેન તરીકે મ.ઈબ્રાહીમ જી.બકરોલવાલા જ્યારે મેનેજિંગ ડિરેકટર્સ તરીકે ઈકબાલ હુસેન જી.ઈપ્રોલિયા અને ઈકબાલ હુસેન જી.ઉપાદની બિન હરીફ વરણી કરવામાં આવી છે.શહેર,તાલુકાના સહકારી આગેવાનો,સભાસદોએ ચૂંટાયેલ ત્રણેય હોદેદારોને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.



# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં જૂના શિક્ષકોના બદલે શિક્ષણ સહાયકની ભરતી કરો

બાયડ તા.૩૧

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની જગ્યા ખાલી પડી હતી તેમાં ભરતીની ક્વાયત શરૂ થઈ છે ત્યારે ગ્રામ્ય વિસ્તારની અનેક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા ઉપર જૂના શિક્ષકોને બદલે શિક્ષણ સહાયકની ભરતી કરવા તેમજ વિદ્યાર્થીઓની સરાસરી હાજરી માટે શહેરી અને ગ્રામ્ય વિસ્તાર અંગે યોગ્ય ચકાસણી કરવા બોર્ડના પૂર્વ સદસ્યએ કમિશનર શાળાઓની કચેરીએ રજૂઆત કરી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની અનેક શાળાને વર્ષો પછી શિક્ષકો નસીબ થવાના છે પરંતુ કેટલીક શાળાઓને જૂના શિક્ષકો ફળવાતાં રોષ સામે આવ્યો છે.

રાજ્યના અનેક શાળા સંચાલક મંડળોએ વિભાગ દ્વારા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ભરતી પ્રક્રીયા શરૂ કરી છે તે સંદર્ભે તત્કાલિન બોર્ડ સભ્યોને રજૂઆત કરી માંગણી કરી છે જેમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા સહિત અન્ય જિલ્લાના સંચાલકોએ જણાવ્યું છે કે ભરતી પ્રક્રીયા શરૂ થઈ છે જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૨ વર્ગો ધરાવતી શાળા માટે ૩ ના સેટઅપ

**સરાસરી હાજરી માટે ગ્રામ્ય અને શહેરી વિસ્તાર અંગે યોગ્ય ચકાસણી જરૂરી**

મુજબ શિક્ષકોની ફાળવણી કરવામાં આવશે. જેમાં માધ્યમિક શાળાઓમાં ગણિત-વિજ્ઞાન અને અંગ્રેજી તથા ઉ.મા. શાળાઓમાં કોમર્સ અને અંગ્રેજી જેવા મહત્વના વિષયોની ખાલી જગ્યાઓ જૂના શિક્ષકના બદલે શિક્ષણ સહાયકથી ભરવી જોઈએ કારણ કે આવા વિષયના જૂના શિક્ષકો ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં હાજર થતા નથી અને જગ્યાઓ લગભગ કાયમી ખાલી રહે છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની શાળાઓમાં અગાઉ પણ જૂના શિક્ષકોની જગ્યાઓ ખાલી રહી હતી જેના કારણે વિદ્યાર્થીઓના કેરીયર ઉપર ગંભીર અસર પહોંચે છે. તત્કાલિન બોર્ડ સદસ્ય ડાૅ.પ્રિયદન કોરાટે આ અંગે સંયુક્ત શિક્ષણ નિયામકને રજૂઆત કરી છે. જ્યારે શહેરી વિસ્તારમાં તમામ નગરપાલિકા વિસ્તારની શાળાઓને સમાવી લેવામાં આવે છે આ સંજોગોમાં બાયડ અને વડાલી નગરપાલિકાનો ડ-વર્ગમાં સમાવેશ થયેલો છે અને ત્યાં વસતી પણ અંદાજીત ૧૫ હજાર આસપાસની છે. આ સંજોગોમાં આ બંન્ને બરો વિસ્તારમાં વિદ્યાર્થીઓની સરાસરી હાજરી ગ્રામ્ય વિસ્તાર પ્રમાણે ગણવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે.

# પ્રાંતિજના તાજપુર ખાતે એક મકાનમાં લાગી આગ

પ્રાંતિજ તા.૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના તાજપુર ખાતે એક મકાન મા આગ લાગતા ભાગદોડ મચી જવા પામી હતી અને આગને લઈને પશુધાસ ચારો સહિત ધર માં રહેલી ધર વખરી પણ બળીને સ્વાહા થઈ ગઈ હતી.



પ્રાંતિજ ના તાજપુર ખાતે રહેતા વિનુજી કચરાજી મકવાણા ના ધરે તારીખ ૩૧|૧|૨૦૨૧ ને રવિવાર ના રોજ સવાર ના નવ કલાકે અચાનક મકાન ના ઉપર ના માળે શોર્ટસકિટ ને લઈને ધર મા આગ લાગતા ભાગદોડ મચી જવા પામી હતી તો બુમાબુમ થતા આજુબાજુ રહેતા લોકો દોડી આવ્યા હતાં અને ડોલ વડે પાણી નો મારો ચાલુ કર્યો હતો પણ આગ એટલી બધી ભયાનક હતી કે જોતજોતામાં ધર માં રહેલ પશુ ધાસચારો અને ધર વખરી આગમાં બળીને સ્વાહા થઈ ગઈ હતી.

# મોડાસા-નડીયાદ રેલવે લાઈનના સ્ટેશનના સ્ટોપેજ રદ

### ધનસુરા, કાશીપુરા, વડાલી, કઠલાલ, મહુધા રેલવે સ્ટેશન પર ટ્રેન નહીં થોભે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

મોડાસા-કપડવંજ-નડીયાદ બ્રોડગેજ રેલવે લાઈન દિલ્હી સુધી લંબાવવા માટેની સતત માંગ થઈ રહી છે અને રેલવે લાઈનમાં માત્ર ૨૨.૫૩ કી.મી.ના નવા ટ્રેકની કામગીરી છેલ્લા ઘણા સમયથી ગોકળગાયની ગતિએ ચાલી રહી છે. સદર ટ્રેકને જોડવામાં આવે તો મુંબઈ-દિલ્હી વચ્ચેનો નવો ટ્રેક ટૂંકમાં જ મુસાફરોને મળી શકે તેમ હોવા છતાં રેલવે તંત્રની મનમાનીપૂર્વકના નિર્ણયોથી રેલવેના મુસાફરોમાં આશ્ચર્ય ઉભું થયું છે.

પ્રાપ્ત જાણકારી મુજબ મોડાસા-કપડવંજ-નડીયાદ બ્રોડગેજ રેલવે લાઈન ઉપર તા.૧-૧-૨૦૨૧થી વચ્ચે આવતા ધનસુરા, કાશીપુરા, વડાલી, ભાનેર, મહુધા, કઠલાલ રેલવે સ્ટેશન ઉપર સદર રેલવે ઉભી રહેશે નહીં. એટલે મોડાસા થી કે નડીયાદથી ઉપડતી ટ્રેન સીધી જે તે સ્ટેશને જ ઉભી રહેશે જેનાથી વચ્ચેના સ્ટેશનો ઉપર રેલવે ઉભી ન રાખવાના નિર્ણયના કારણે આવકને પણ અસર થવાની સંભાવના છે. મોડાસા-નડીયાદ બ્રોડગેજ રેલવે લાઈન દિલ્હી સુધી લંબાવવામાં આવે અને મુંબઈ-મોડાસા રેલવે શરૂ કરવામાં આવે તેના માટે રજૂઆતો રેલ મંત્રાલય સમક્ષ વારંવાર કરવામાં આવી છે તેવા સંજોગોમાં આ રેલવે લાઈન ઉપર કેટલાક રેલવે સ્ટેશનો બંધ કરવાના નિર્ણયને કારણે રોષ વ્યાપ્યો છે. રેલવે સત્તાવાળાઓને રેલવે આ નિર્ણય મુલત્વી રાખવા માટે અને સ્ટોપેજ ફરીથી શરૂ કરવા માટેની વિવિધ સામાજીક સંગઠનો દ્વારા માંગ કરવામાં આવી છે. ટૂંકમાં મોડાસા-કપડવંજ-નડીયાદ રેલવે ટ્રેકનું વિસ્તૃતિકરણનું કામ મંથર ગતિએ ચાલી રહ્યું છે ત્યાં હવે રેલ સત્તાવાળાઓએ મનસ્વી રીતે ધનસુરા, કાશીપુરા, વડાલી, કઠલાલ અને મહુધા સહિતના રેલવે સ્ટેશન ઉપર ટ્રેન ઉભી ન રાખવાનો નિર્ણય કરતાં વેપારી વર્ગ આશ્ચર્યમાં મૂકાયો છે.